<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૯૭/૨૦૨૫ તા.૦૭/૦૭/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૩૦/૦૬/૨૦૨૫ થી તા.૦૬/૦૭/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પોરબંદરના પી.એસ.આઇ કે.એમ.સૈયદ પોરબંદર જનરલ નર્સિંગ સ્કૂલે મહિલા જાગૃતિ સેમીનાર કાર્યક્રમમાં હાજર રહ્યા જે કાર્યક્રમ માં PBSC ના કાઉન્સેલરશ્રી તેજલબેન રાજાણી તથા સખી વન સ્ટોપ સેન્ટરના પેરા લિગલ સ્ટાફ સુનિરાબેન મલેક તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી એચ.બી.ટાઢાણી તથા જેડર સ્પેશિયા લિસ્ટ ચિરાગ દવે સંકલ્પ ડી.એચ.ઇ.ડબલ્યુ.ના અધિકારી સંધ્યાબેન જોશી તથા કાયદા નિષ્ણાંત એડવોકેટ શ્રી યોગેશભાઈ નનેરા વિગેરે હાજર રહેલ હોય તેઓની સાથે સંકલનમાં રહીને નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીની બહેનો/ મહિલાઓને નારીશક્તિ કરણ તથા નવા કાયદા વિશે માહિતી આપેલ તેમજ કાયદાકીય અધિકારો વિશે જાગૃત કરવામાં આવ્યા. તેમજ ઘરેલુ હિંસા જાતીય, સતામણી, દહેજ પ્રતિબંધ, તેમજ બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ સંબંધિત કાયદાઓની વિસ્તૃત માહિતી આપી આ માર્ગદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને/ મહિલાઓને કાયદાકીય રીતે સશક્ત બનાવવાનું અને તેમને કોઈપણ શોષણ સામે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરવાનો હતો. જેથી તેઓ સુરક્ષિત અને સન્માન પૂર્ણ જીવન જીવી શકે તે વિશે વિસ્તૃત માહિતી આપેલ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના માધ્યમથી મળતી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી તેમજ કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ- ૨૦૧૩ " વિશે આ કાયદા વિશે અને તેની જોગવાઈ વિશે વિસ્તૃત માહિતી PPT દ્વારા આપવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીની બહેનો દ્વારા વિવિધ પ્રશ્નો રજુ કરવામાં આવેલ હતા વિદ્યાર્થીનીઓને મહિલાઓને ઘરેલુ હિંસા બાબતે જરૂરી માહિતી આપેલ તેમજ પોલીસ મદદ મેળવવા માટે 100 નંબર તેમજ મહિલા હેલ્પલાઇન માટે 181 નંબરમાં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મોઢા કોલેજના આશરે ૪૪ જેટલા વિદ્યાર્થીઓને કમલાબાગ પોલીસ સ્ટેશનની પો.ઇન્સ .આર.સી.કાનમિયા તથા શી-ટીમના WHC રમીલાબેન તેજાભાઇ તથા WPC કિરણબેન જેરામભાઇ તથા મહિલા સહાયતા કેન્દ્રના કર્મચારીઓએ હેતલબેન પંડ્યા તથા તેજલબેન રાજાણી નાઓએ વાળાઓએ વિદ્યાર્થીઓને નવા ત્રણ કાયદાઓ વિશે તથા પોક્સો એક્ટ વિશે તથા ગુડ ટચ બેડ ટચ વિશે તથા મહિલાઓ લગત કાયદાઓ વિશે તથા સાયબર ક્રાઇમ ૧૯૩૦ વિશે તથા ડ્રગ્સથી થતા નુકશાન અંગે તથા ટ્રાફિક વિશે, ૧૦૦, ૧૮૧ હેલ્પલાઇન વિશે સમજ આપવામા આવેલ હતી .

(૧) તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા વાઘેશ્વરી પ્લોટ મીરાં ગાયનિક હોસ્પિટલમાં જઈને ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે, કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતિ જણાય આવેલ ન હોય. તેમજ દવાખાનામાં મહિલા દર્દી અને તેમના સગાવહાલા હાજર હોય તેની મુલાકાત લીધેલ અને ગર્ભ પરીક્ષણ કરવુંએ ગુનો છે તેની સમજ કરેલ.

(૨) તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારી દ્વારા વાઘેશ્વરી પ્લોટ વિસ્તારમાં આવેલ રોયલ પેલેસ એપાર્ટમેન્ટના સિક્યુરિટી પ્રેમજીભાઈ રસિકભાઈ બામણીયા તથા ઠાકોર દ્વારા એપાર્ટમેન્ટ માં જઈને સિક્યુરિટી વોચમેનની નોકરી કરતા મહેશભાઈ પમાભાઈ લોઢારી વોચમેન આમ બંને એપાર્ટમેન્ટના સિક્યુરિટીની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સી.સી.ટી.વી. કેમેરા બંધ હાલતમાં હોય તો ચાલુ કરાવવા સુચના કરેલ તેમજ કોઈ અ ઘટિત ઘટના ના બનાવ એપાર્ટમેન્ટમાં બને તો તુરત જ પોલીસ કંટ્રોલરૂમ 100 માં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી માહિતી આપેલ. તેમજ નજીકના પોલીસ સ્ટેશનને ફોન કરી જાણ કરવા માર્ગદર્શન આપેલ. તેમજ એપાર્ટમેન્ટમાં કોઈ અજાણ્યા વ્યક્તિ કે શક પડતો ઈસમ એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરે ત્યારે સિક્યુરિટી/વોચમેને એ આવનાર વ્યક્તિનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેના પુરાવા જોઈ એપાર્ટમેન્ટમાં કોને ત્યાં આવેલ છે જે બાબતનું રજીસ્ટર નિભાવવા સૂચના કરેલ.

(૩) તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કર્લીના પુલ પાસે આવેલ અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત બાળક મળી આવેલ ન હોય તેની ખાત્રી કરેલ.

(૪) તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા બંગડી બજારમાં નવજીત લાલ એલ હાથીની બિદી દુકા માં નોકરી કરતી મહિલ ઓની મુલાકાત લીધેલ અને મહિલા ઓને સુરક્ષા સંબંધે સલાહ સૂચન આપેલ કે તમો બહેનો રાત્રે નોકરીએથી છૂટી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં તમોને કોઈ લુખ્ખા આવારા તત્વો હેરાન પરેશાન અથવા પજવણી કરે તો 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ 181 નંબરમાં મહિલા હેલ્પલાઇન માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ. તેમજ તમો નોકરી પૂરી કરી ઘરે સુરક્ષિત પહોંચો છો ને જે બાબતે માહિતી મેળવેલ. તેમજ તમે જ્યાં નોકરી કરો છો ત્યાં નોકરીના સ્થળે તમારી સાથે જાતીય સતામણી કે તમારું શોષણ થતું હોય તો નજીકના પોલીસ સ્ટેશન અથવા મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ જેમાં ભોગ બનનારનું નામ ગુપ્ત રાખવામાં આવે જે બાબતેની માહિતી આપેલ.

(૫) તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સરકારી લેડીસ ગાયનિક હોસ્પિટલમાં જઈને ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે, કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. તેમજ દવાખાનામાં મહિલા દર્દી અને તેમના સગાવહાલા હાજર હોય તેની મુલાકાત લીધેલ અને ગર્ભ પરીક્ષણ કરવુંએ ગુનો છે તેની સમજ કરેલ.

(૬) તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ચોપાટી વિસ્તારમાં કનકાઈ માતાજી મંદિર સામે આવેલ (૧) નંદની એપાર્ટમેન્ટ જઈને જ્યાં સીક્યુરટી/વોચ મેન દુદાભાઈ કેસુ ભાઈ આગઠની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સીસીટીવી કેમેરા બંધ હોય તો ચાલુ કરવા માર્ગદર્શન આપેલ.

(૭) તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા મીલપરા માં આવેલ S.K.કોસ્મેટીક દુકાનમાં કામ કરતી સ્ટાફ મહિલાની મુલાકાત લીધેલ અને તેઓને કામ પર કોઇ હેરાન પરેસાન કરે અથવા કામ પરથી પરત આવતા રોડ પર કોઇ પુરુષ હેરાન પરેસાન કરે અથવા કોઇ આવારા તત્વો હેરાન કરે તો મહિલા હેલ્પ લાઇન નંબર 181/100 માં ફોન કરી મદદ લેવી તેવુ માર્ગદર્શન આપેલ.

(૮) તા.૦૩/૦૭/૨૦૨૫ ના  રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ખીજડી પ્લોટ તથા રેલ્વે સ્ટેશન રોડ પર પેટ્રોલિંગમાં હતા. ત્યાંરે રેલ્વે સ્ટેશન કવાર્ટસ પાસે આવેલ અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત બાળક મળી આવેલ ન હોય તેની ખાત્રી કરેલ.

(૯) તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા એસ.એસ.સી ગ્રાઉન્ડ પાસે અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં.

(૧૦) તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા હનુમાન ગુફા વિ.મા પેટ્રોલિંગમાં હતા ત્યારે એસ.વી.પી. રોડ પર આવેલ વિનસ હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં ભ્રુણ હત્યા થતી નથી ને તેની ખાત્રી કરેલ. તેમજ સુમેર કોમ્પલેક્ષમાં સુકયુરીટી જીવાભાઈ પુંજાભાઈ વાઘેલાની મુલાકાત લઈ તેઓને સી.સી.ટી.વી. કેમેરા ચાલુ રાખવાની સમજ કરેલ.

(૧૧) તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા એસ.એસ.સી ગ્રાઉન્ડ છાંયા વિસ્તાર પાસે અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની  ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

(૧) તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કડિયા પ્લોટ મફતીયા પરા વિસ્તાર સીનીયર સીટીઝનની મુલાકાત લીધેલ અને તેઓની પુછપરછ કરેલ કે, તેમને તમારા સંતાનો દિકરા કે દિકરાની વહુ હેરાન પરેશાન કરતા નથી અને તમો જ્યારે બીમાર પડો ત્યારે તમને તમારા સંતાનો હોસ્પિટલમાં સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જાય છે કે નહીં જે બાબતે પુછપરછ કરતા તેમજ ઘણી વખત એવું પણ બને છે કે દીકરા વહુ મા-બાપની સંપત્તિ ફોસલાવીને પોતાના નામની કરાવી લે છે અને પછી મા-બાપને દુઃખ ત્રાસ આપે છે અથવા વૃદ્ધાશ્રમમાં મૂકવાનું કહેતા હોય છે તમોને તમારા સંતાનો હેરાન પરેશાન કરેતો 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતી આપેલ તેમજ 60 વર્ષે સરકારશ્રી દ્વારા મળતા પેન્શન યોજનાના લાભ વિશે પણ જરૂરી માહિતી આપેલ.

(૨) તા.૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા મીલપરા વિસ્તારમાં આવેલ સિનિયર સિટીઝન મુલાકાત લીધેલ. તેમને તેમના દિકરા કે દિકરાની પત્ની હેરાન પરેશાન કરતા હોય અથવા તમારી સારવાર ન કરતા હોય તેમજ તમારી પ્રોપર્ટી છીનવીલે તો  પોલીસ કંટ્રોલ રૂમમાં 100 નંબરમાં ફોન કરી મદદ મેળવવી તેવી સમજ કરેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં મદદ માટે જવાની સમજ કરેલ. તેમજ તમારા બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોય તો સાયબર ક્રાઇમની અથવા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 ફોન કરી મદદ લેવા સમજ કરેલ.

( ઋતુ રાબા )

ના.પો.અધિ.મુ.મ. અને

નોડલ ઓફીસર eGujcop

પોરબંદર